**વરસાદ આવ્યો બાળકોમાં બિમારીઓ લાવ્યો**

# જિલ્લામાં વરસાદી માહોલથી બાળકોમાં વાયરલ બિમારીના લક્ષણો વધ્યાં

**ગળામાં ઈન્ફેક્શન સાથે અસંખ્ય બાળકો શરદી, ઉધરસથી પરેશાન**

બાયડ, તા.૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ માહોલના કારણે હવે બાળકોમાં વાયરલ બિમારીનાં લક્ષણો શરુ થયાં છે. ભેજવાળા માહોલમાં ગળામાં ઈન્ફેક્શન અને શરદી, ઉધરસ તેમજ તાવથી અસંખ્ય બાળકો બિમારીમાં પટકાયાં છે. છેલ્લા ૨-૩ દિવસથી બાળરોગ હોસ્પિટલોમાં બાળ દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે.

ચોમાસામાં આરોગ્યની દરકાર રાખવા છતાં કોઈને કોઈ વાયરલ બિમારીઓ પ્રજામાં હાવિ થતી હોય છે. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાનું ચોમાસામાં વધુ જોખમ રહેતું હોય છે. જ્યારે સૌથી વધુ વરસાદી માહોલમાં બાળકો ઝડપથી બિમારીમાં પટકાતાં હોય છે. જિલ્લામાં વરસાદના આરંભ સાથે હવામાં ભેજનું પ્રમાણ વધ્યું છે. અચાનક વિષમ હવામાનની સ્થિતિ ઉભી થઈ જેના કારણે બાળકોમાં બિમારીઓ વધી રહી છે. છેલ્લા ૨ દિવસથી અસંખ્ય બાળકોને ગળામાં ઈન્ફેક્શન, શરદી, ઉધરસ તેમજ તાવ સહિતના લક્ષણો જોવા મળી રહ્યાં છે. બાળરોગ હોસ્પિટલોમાં દૈનિક ઓ.પી.ડી. કેસમાં પણ હમણાંથી વધારો થયો છે. વરસાદી વાતાવરણમાં સીઝનલ બિમારીમાં બાળકો પટકાયાં હોવાના કારણે આગામી સમયમાં બાળ દર્દીઓની સંખ્યા ચિંતાજનક થવાના સંકેત અત્યારથી મળી રહ્યા છે.હાલની સ્થિતિએ બાળકોમાં શરદી, ઉધરસ સાથે ગળામાં ઈન્ફેક્શનની ફરિયાદો વધી હોવાનું બાળરોગ નિષ્ણાતો જણાવી રહ્યા છે. જ્યારે આગામી સમયમાં ચોમાસાની સીઝનના કારણે વાયરલ બિમારીઓનો પ્રકોપ વધી શકે છે.

**બાળકોમાં ગળામાં ઈન્ફેક્શન - બાળરોગ નિષ્ણાત**

વરસાદના આરંભ સાથે બાળકોમાં વાયરલ બિમારીઓએ માથું ઉંચક્યું છે. હિંમતનગર કિલ્લોલ હોસ્પિટલના બાળરોગ નિષ્ણાત ડૉ.અતુલ નાયકે જણાવ્યું હતું કે વરસાદની સીઝનમાં બાળકોમાં વાયરલ બિમારીઓ અચૂક જોવા મળતી હોય છે. તેમાંય વરસાદ પછી બાળકોમાં ગળામાં ઈન્ફેક્શનના કેસ વધુ જોવા મળી રહ્યા છે. સીઝન મુજબ આગામી સમયમાં શરદી, ઉધરસ અને તાવના લક્ષણો બાળકોમાં વધવાની પણ શક્યતા હોવાનું જણાવ્યું હતું.



# ખરાબ હવામાનથી અમરનાથ યાત્રા અટકી - ઉત્તર ગુજરાતના યાત્રિકો ૨ દિવસથી ટેન્ટમાં

**યાત્રિકો સુરક્ષિત હોવાથી પરિવારોમાં રાહત**









બાયડ, તા.૦૯

જમ્મુ અને કાશ્મીરમાં ખરાબ હવામાનના કારણે અમરનાથ યાત્રાને અટકાવી દેવામાં આવી છે ત્યારે ઉત્તર ગુજરાતમાંથી બાબા અમરનાથના દર્શને ગયેલા યાત્રિકોને છેલ્લા ૨ દિવસથી ટેન્ટમાં રહેવાની ફરજ પડી છે. ખરાબ હવામાન છતાં તમામ યાત્રિકો સુરક્ષિત હોવાથી પરિવારજનોએ રાહત અનુભવી છે. આ વર્ષે અમરનાથ યાત્રા શરુ થઈ તે સાથે ગુજરાતી યાત્રિકોએ તમામ કાર્યવાહી આટોપી યાત્રાએ ખાનગી વાહનો ભાડે કરી પહોંચ્યા છે પરંતુ હવામાન વિષમ બનતાં બેઝ કેમ્પ બાલતાલ અને પહેલગામના રુટ પર યાત્રિકોને રોકી રાખવામાં આવ્યા છે. અમરનાથ યાત્રા શરુ થતાં હજારો શ્રદ્ધાળુઓ જમ્મુ-કાશ્મીર પહોંચ્યા છે. તબક્કાવાર રીતે અમરનાથ યાત્રિકાના સમૂહને બાબા બરફાનીના દર્શન કરવા માટે ચૂસ્ત સુરક્ષા પ્રબંધ વચ્ચે લઈ જવામાં આવી રહ્યા છે પરંતુ હવામાન વિષમ બન્યું અને તે સાથે વરસાદ શરુ થતાં અમરનાથ યાત્રાને આગામી આદેશ ન મળે ત્યાં સુધી રોકવામાં આવી છે. ઉત્તર ગુજરાતના કેટલાક યાત્રિઓ ખાનગી વાહનો ભાડે કરી અમરનાથ યાત્રાએ પહોંચ્યા તો ખરા પરંતુ છેલ્લા ૨ દિવસથી યાત્રા સ્થગિત કરવામાં આવી છે. બનાસકાંઠાના દાંતા થી પ્રવાસીઓને લઈ અમરનાથ યાત્રાએ પહોંચેલા જીતુ પ્રહલાદભાઈ નાયક, મયંકભાઈ પ્રજાપતિ, અશોક પ્રજાપતિએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે આ વખતે સંપૂર્ણ સુવિધા સાથે યાત્રાના રુટ ઉપર ટેન્ટ ઉભા કરવામાં આવ્યા છે. યાત્રિકોને સઘન સુરક્ષા વચ્ચે બાબા બરફાનીના દર્શને પહોંચાડવામાં આવી રહ્યા છે પરંતુ છેલ્લા ૨ દિવસથી હવામાન ખરાબ થતાં પોતે ૭ યાત્રિકો સાથે ટેન્ટમાં રોકાયા છે. આગળનો આદેશ ન મળે ત્યાં સુધી અન્ય જિલ્લાના ગુજરાતી યાત્રિકોને પણ જુદા જુદા કેમ્પમાં રોકાવવાની ફરજ પડી છે. જો કે તમામ યાત્રિકો સુરક્ષિત હોવાનું તેઓએ જણાવ્યું છે. અમરનાથની યાત્રાએ પહોંચેલા કેટલાક યાત્રિકો તો અગાઉથી પવિત્ર ગુફા સુધી પહોંચી બાબા બરફાનીના દર્શન કરી પરત રવાના થયાનું જણાવ્યું હતું.

# પ્રાંતિજ સહિત તાલુકામાં રાત્રી દરમ્યાન બે ઈંચ વરસાદ ખાબકયો



પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામા રાત્રી દરમ્યાન ગાજગજના સાથે બે ઈચ વરસાદ ખાબકયો વરસાદ પડતા વાતાવરણ મા ઠંડક પ્રસરી જવા પામી હતી. પ્રાંતિજ સહિત તાલુકામા મેઘરાજાએ બુધવાર ની મોડી સાંજે ગાજવીજ કડાકા ભડાકા સાથે મોટા ફોડે વરસાદ પડતા પાણી પાણી થઈ ગયુ તો એક કલાક મા બે ઈચ જેટલો વરસાદ ખાબકયો હતો તો વરસાદ પડતા ધરતી પુત્રો સહિત નગરજનો મા ખુશી જોવા મળી તો વરસાદ ને લઈ ને અસહ્ય ઉકળાટ બફારાથી નગરજનો ને ને રાહત થઈ હતી અને વાતાવરણ મા ઠંડક પ્રસરી જવા પામી હતી તો પ્રાંતિજ ખાતે જયાજુવો ત્યા પાણી પાણી થઈ ગયુ હતુ તો એક કલાક મા બે ઈચ વરસાદ ખાબક્યો હતો.

# શીકા ગામે ખેતરમાં ટ્રેક્ટર પરથી પટકાતાં યુવક રોટોવેટરમાં ફસાયો : રોટોવેટરના દાંતાથી ઘાયલ થતાં યુવક સારવાર હેઠળ



બાયડ, તા.૯

ધનસુરા તાલુકાના શીકા ગામના સીમાડામાં ખેતરમાં રોટોવેટરથી કામ થઈ રહ્યું હતું તે દરમ્યાન યુવક ટ્રેક્ટર પરથી પટકાયા પછી રોટોવેટરમાં ફસાઈ જતાં અફરા તફરી મચી હતી. રોટોવેટરના દાંતામાં યુવક ફસાઈ જતાં માથા, કમર અને પગના ભાગે ગંભીર ઈજા થતાં તાત્કાલિક ઈમરજન્સી-૧૦૮ દ્વારા સારવાર માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ખેતીનું કામ ચાલતું હતું તે સમયે આ હાદસો સર્જાયો હતો. હાલ યુવકની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

મળેલ જાણકારી મુજબ ખેતરોમાં ખરીફ વાવેતરનો ધમધમાટ શરુ થયો છે. મોટાભાગે યાંત્રિક મશીનથી ખેતીનું કામ થઈ રહ્યું છે. જેમાં ક્યારેક જીવ જોખમમાં મૂકાઈ જાય તેવા હાદસા સામે આવતા હોય છે. તાલુકાના શીકા ગામે ખેતરમાં ટ્રેક્ટર ચાલક રોટોવેટરથી ખેતીનું કામ કરતા હતા તે સમયે તેની બાજુમાં બેઠેલ અલ્પેશ ભેમાભાઈ તરાર અચાનક ટ્રેક્ટરમાંથી પટકાયો હતો અને રોટોવેટરમાં ફસાઈ જતાં સીમાડામાં સનસનાટી મચી હતી. ટ્રેક્ટર ચાલકે તાત્કાલિક ટ્રેક્ટરને થોભાવી અન્ય લોકોને બનાવની જાણ કરી સ્થળ ઉપર મદદ માટે અન્ય ખેડૂતો પહોંચ્યા પરંતુ રોટોવેટરના દાંતામાં યુવક ફસાયો હોવાથી બહાર નિકાળવો મુશ્કેલ હતું. આ અરસામાં યુવકની ગંભીર સ્થિતિને ધ્યાનમાં લઈ ઈમરજન્સી-૧૦૮ને જાણ કરવામાં આવી હતી જેથી ટીમ તાત્કાલિક બનાવ સ્થળે પહોંચી હતી. યુવકને મહામુસીબતે રોટોવેટરમાંથી બહાર કાઢવામાં આવ્યો પરંતુ માથા, કમર અને પગના ભાગે ગંભીર ઈજા થતાં તાત્કાલિક સારવાર માટે ઈમરજન્સી-૧૦૮ના સ્ટાફે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડ્યો છે.

# પાલનપુર રેલ્વે સ્ટેશન પર જોધપુર- અમદાવાદ (સાબરમતી) વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું આગમન થતાં ભવ્ય સ્વાગત

પાલનપુર તા.૯

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગોરખપુર જંકશન રેલ્વે સ્ટેશનથી વર્ચ્યુઅલી જોધપુર-અમદાવાદ (સાબરમતી) વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા આ ટ્રેન રાત્રે- ૧૦.૦૦ કલાકે પાલનપુર રેલ્વે સ્ટેશન પર આગમન થતાં રાજ્યસભા સાંસદશ્રી દિનેશચંદ્ર અનાવાડીયા, ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર અને શ્રી પ્રવીણભાઈ માળી, કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલ, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી કિરણબેન રાવલ, પૂર્વ મંત્રીશ્રી અને સંગઠનના પ્રમુખશ્રી કિર્તીસિંહ વાઘેલા, પૂર્વ મંત્રીશ્રી કાંતિભાઈ કચોરીયા સહિત પદાધિકારીઓ, રેલવેના ઉચ્ચ અધિકારીઓ, શહેરના પ્રતિષ્ઠીત નાગરિકો દ્વારા ફૂલહાર વડે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, રાજ્યસભા સાંસદશ્રી દિનેશચંદ્ર અનાવાડીયાએ ટ્રેનને આવકારતા હર્ષ અને ગૌરવની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે, આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન અત્યાધુનિક સુવિધાવાળી સ્વદેશી ટ્રેન છે. વિદેશોમાં હોય તેવી ફેસિલિટીવાળી આ ટ્રેન શરૂ થતાં લોકોને ખુબ સારી સુવિધા પ્રાપ્ત થશે. તેમણે કહ્યું કે, વર્ષ-૨૦૪૭ માં આપણા દેશની આઝાદીને ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના છે એ પ્રસંગે વિકસીત ભારત બનાવી હિન્દુસ્તાનને વિશ્વગુરુ બનાવવામાં આપણે પણ યોગદાન આપીએ. અમદાવાદ (સાબરમતી) અને જોધપુર વચ્ચે તા. ૦૯ જુલાઈ-૨૦૨૩થી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવા માટે પશ્ચિમ રેલવે તૈયાર છે. રિકલાઈનિંગ અને આરામદાયક બેઠકો, સ્લાઈડિંગ દરવાજા, વ્યક્તિગત રીડિંગ લાઈટ્સ, મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ્સ, એટેન્ડન્ટ જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ આ ટ્રેન કોલ બટન, બાયો-ટોઈલેટ, ઓટોમેટિક એન્ટ્રી અને એક્ઝિટ ડોર, સીસીટીવી કેમેરા વગેરે દ્વારા મુસાફરોને વિશ્વ કક્ષાની આરામ અને સુવિધા પૂરી પાડશે.






આ ટ્રેન અઠવાડિયામાં ૬ દિવસ ચાલશે તથા મંગળવારે નહીં ચાલે. ટ્રેન નંબર ૧૨૪૬૨ અમદાવાદ (સાબરમતી)-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ અમદાવાદ (સાબરમતી) થી ૧૬.૪૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૨૨.૫૫ કલાકે જોધપુર પહોંચશે. એ જ રીતે, વળતી દિશામાં, ટ્રેન નંબર ૧૨૪૬૧ જોધપુર- અમદાવાદ (સાબરમતી) વંદે ભારત સુપરફાસ્ટ એક્સપ્રેસ જોધપુરથી ૦૫.૫૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૧૨.૦૫ કલાકે અમદાવાદ (સાબરમતી) પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં મહેસાણા, પાલનપુર, આબુરોડ, ફાલના અને પાલી મારવાડ સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ચેર કાર અને એક્ઝિક્યુટિવ ચેર કાર કોચ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જોધપુર-અમદાવાદ (સાબરમતી) વંદે ભારત ટ્રેન રાજસ્થાનની બીજી વંદે ભારત ટ્રેન છે. આ ટ્રેન શરૂ થવાથી મુસાફરીના સમયમાં એક કલાકની બચત થશે. આ ટ્રેન પાલી, મારવાડ, ફાલના, આબુરોડ, પાલનપુર અને મહેસાણા ખાતે સ્ટોપેજની વ્યવસ્થા અને અત્યાધુનિક સુવિધાઓને લીધે આ વિસ્તારના લોકોને ખુબ સારી સુવિધા અને ઝડપી મુસાફરીનો લાભ મળશે. જેનાથી આ ક્ષેત્રના સ્થાનિક ઉદ્યોગ, ધંધા, પ્રવાસન, ડેરી તથા માર્બલ ઉદ્યોગના વિકાસને પ્રોત્સાહન અને વેગ મળશે.

**બાળકોની સુરક્ષા માટે પાલનપુર શહેરમાં સ્પેશયલ ટ્રાફીક ડ્રાઈવ**

# શાળા સંકુલ આજુબાજુના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને ટ્રાફિક નિયમન બાબતની સમજણ

પાલનપુર તા.૯

બાળકોની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખી બનાસકાંઠા પોલીસ, પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે પાલનપુર શહેરમાં સ્પેશયલ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.



બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલની સૂચના અને માર્ગદર્શન અનુસાર આજે પાલનપુર શહેરમાં આવેલશાળા સંકુલોની આસપાસ સ્કૂલ વાન માટે સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેમાં લગભગ ૩૫૦ આસપાસ વ્યક્તિઓને ટ્રાફિક નિયમનની જાણકારી આપવામાં આવી હતી. વાહનમાં વધુ પડતા પેસેન્જર ભરવા તેમજ પાર્સિંગ બાબતે આર.ટી.ઓ ઈન્સ્પેક્ટર દ્વારા ૨૮ જેટલાં ચલણ કાપવામાં આવ્યા હતા. ૧૮ વર્ષથી નીચેની વયે વાહન ચલાવતા તેમજ લાયસન્સ વગર વાહન ચલાવવા બાબતે શહેર ટ્રાફિક પોલીસ અને જિલ્લા ટ્રાફિક પોલીસ મળી કુલ-૩૬ ચલણ કાપવામાં આવ્યા હતા. તેમજ શાળા સંકુલ આજુબાજુના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને ટ્રાફિક નિયમન બાબતની સમજણ આપવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ સ્વયંભૂ ટ્રાફિક નિયમનનું પાલન કરે તેવી અપીલ કરવામાં આવી હતી.

આ ડ્રાઈવમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એમ. કે.જોષી, આરટીઓ ઈન્સ્પેક્ટરશ્રીઓ એ.એન. પંચાલ, વાય. બી. ઠાકોર, જી.બી.લીલ્હાર અને સીટી ટ્રાફિક એએસઆઈ કાંતિભાઈ પરમાર,જિલ્લા ટ્રાફિક પોલીસ કાનજીભાઈ સહિતના કર્મચારીઓ જોડાયા હતા.

# આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં પ્રવેશોત્સવ યોજાયો હતો

ધનસુરા, તા. ૯

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં પ્રવેશોત્સવ યોજાયો હતો.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં ઓરિયન્ટેશન કાર્યક્રમ યોજાયો જેમાં ધી.ધનસુરા પ્રદેશ એજયુકેશન સોસાયટીના પ્રમુખશ્રી રાજેન્દ્રકુમાર મહેતા અને મંત્રીઅતુલભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રિ.ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટે વિદ્યાર્થીઓ ને આવકારી નવી એજ્યુકેશન પોલિસી તથા કોલેજમાં ચાલતી વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓની વિસ્તૃત માહિતી આપી હતી, કોલેજના સર્વે અધ્યાપકો તથા વહિવટી સ્ટાફ મિત્રોએ પણ સર્વેને વિદ્યાર્થીઓને આવકારી પોતાના વિષયની માહિતી આપી હતી, આ ઉપરાંત એન.એસ.એસ., સ્પોર્ટ્સ,ફિનિશિંગ સ્કુલ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની પણ વિસ્તૃત પરિચય આપ્યો હતો તથા નવા આવનાર દરેક વિદ્યાર્થીઓને ફોલ્ડર ફાઈલ આપીને પ્રમુખ રાજેન્દ્ર કુમાર મેહતા ,મંત્રી અતુલભાઈ બ્રહ્મભટ્ટ તથા આચાર્ય ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટે વિદ્યાર્થીઓને આવકાર્યા હતા .આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.ડૉ. પારૂલબેન સોની અને ડો સીઆર પટેલે કર્યું હતું



# ડીસાના આખોલ ચોકડી નજીક વરસાદી પાણી દુકાનોમાં ફરી વળ્યાં

ડીસા,તા. ૯

ડીસામાં વરસાદે પ્રિમોન્સૂન પ્લાનની પોલ ખુલી નાખી છે જેમાં નેશનલ હાઈવે ઓથોરિટીએ હાઈવે સાઈડની ગટરોની સફાઈ ન કરતા ગટરો ચોકઅપ થઈ હતી અને વરસાદી પાણી દુકાનોમાં ઘુસી જતા સ્થાનિક વેપારીઓને મોટુ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ડીસામાં તંત્રનું પ્રિ-મોન્સૂન પ્લાનિંગ પાણીમાં ધોવાઈ ગયુ હોય તેવું લાગી રહ્યું છે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા દર વર્ષે હાઈવેની આસપાસની ગટરોની સફાઈ કરવામાં આવતી હોય છે પ્રિ-મોન્સૂન પ્લાનિંગનું આયોજન હેઠળ આ કામગીરી કરવામાં આવતી હોય છે પરંતુ આ વર્ષે નેશનલ હાઈવે ઓથોરિટીએ ડીસામાં આખોલ ચાર રસ્તા પાસે આવેલી ગટરો સાફ ન કરતા હવે ચોમાસાના વરસાદી પાણીના નિકાલની કોઈ જ વ્યવસ્થા નથી. જેથી સામાન્ય વરસાદ થતાં જ આખોલ ચાર રસ્તા પાસે વરસાદી પાણી ગટર લાઈન મારફતે નિકાલ થવાને બદલે સીધું દુકાનોમાં ઘૂસી ગયુ હતું તેમજ આખોલ ચાર રસ્તા પાસે આવેલી અંદાજિત ૬૦ થી વધુ દુકાનોમાં વરસાદી પાણી ઘૂસી જતા દુકાનદારોની હાલત કફોડી બની છે. અહીં મોટાભાગે રીપેરીંગ સહિત ખાતર બિયારણ ની દુકાનો અને ગોડાઉન આવેલા છે અને હવે દુકાનોમાં પાણી ઘૂસી જતા અઠવાડિયા સુધી પાણી ઓસરે તેવી કોઈ જ શક્યતા દેખાતી નથી. જેથી અહીંના દુકાનદારોને લાખો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે જોકે સ્થાનિક દુકાનદારોએ જણાવ્યું હતું કે, ડીસામાં હજુ તો બે ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. એટલામાં અમારી દુકાનોમાં પાણી ભરાઈ ગયું છે અને આ વખતે હાઈવે ઓથોરિટીએ ગટરોની સાફ-સફાઈ કરી નથી જેથી પાણીના નિકાલનો કોઈ રસ્તો રહ્યો નથી.પરિણામે વરસાદનું પાણી રોડ પર ભરાઈને અમારી દુકાનોમાં ઘૂસી ગયું છે. તેના કારણે અમારે તમામ દુકાનદારોને લાખો રૂપિયાનું નુકસાન થવાની શક્યતાઓ છે અને આ પાણી હજુ અઠવાડિયા સુધી સુકાય તેમ નથી.

# ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જર્જરિત બનતા આરોગ્ય કર્મીઓ અને દર્દીઓને જીવનું જોખમ

મોડાસા, તા. ૯

માણસ બીમાર થાય તો....દોડીને દવાખાને કે, હોસ્પિટલ પહોંચે છે પરંતુ જ્યાં બીમારીની સારવાર થવી જોઈએ.ત્યાં ગમે ત્યારે મોત આવી શકે તેવી સ્થિતિ અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જોવા મળી રહી છે ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જર્જરિત બનતા તબીબે ટીંટોઈ ગ્રામ પંચાયતને પત્ર લખી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે મકાનની વ્યવસ્થા કરવા માંગ કરી છે અને જીલ્લા અને તાલુકા આરોગ્ય કેન્દ્ર દ્વારા પણ આરોગ્ય કેન્દ્રની જર્જરિત હાલતના પગલે અન્ય સ્થળે ખસેડવા તાકીદ કરી છે ટીંટોઈ પીએચસીમાં ફરજ બજાવતા કર્મીઓ જીવના જોખમે દર્દીઓને સારવાર આપી રહ્યા છે

જ્યાં જનની આ દુનિયામાં એક નવા ફૂલને જન્મ આપે છે.ત્યાં માથે મોત મંડરાતું હોય તો તેનાથી વિશેષ વિકાસ શું હોઈ શકે? ગુજરાત સરકાર આરોગ્યલક્ષી સેવાઓ સુદ્રઢ હોવાના દાવા કરી રહી છે ત્યારે મોડાસા તાલુકાના વસ્તીની દ્રષ્ટિએ સૌથી મોટું ગામ ધરાવતા ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ જર્જરિત બનતા છત પરથી પોપડા વખુટી પડતા આરોગ્ય કર્મીઓ અને સારવાર કરાવવા આવતા દર્દીઓના માથે મોત ગમે તે ઘડીએ ટપકી પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે ટીંટોઈ પીએચસીનું બિલ્ડીંગ ખંડેર હાલતમાં જોવા મળી રહ્યું છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નવીની કરણ કરવામાં આવેની લોકમાંગ પ્રબળ બની છે. ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓ મોટા પ્રમાણમાં સારવાર કરાવવા આવે છે તદુપરાંત સગર્ભા મહિલાઓ પણ રસીકરણ સહીત અન્ય સરકારી લાભ મેળવવા ટીંટોઈ પીએચસીમાં જવું પડતું હોવાની સાથે ડીલેવરી પણ કરાવવામાં આવે છે ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જર્જરિત હાલતના પગલે સારવાર કરાવવા આવતા દર્દીઓ ભયના ઓથાર હેઠળ સારવાર કરાવવા મજબુર બની રહ્યા છે.

